| | |
|---|---|
| **કેસ દાખલ તારીખ** | **૧૫/૦૧/૨૦૨૧** |
| **કેસ નોંધણી તારીખ** | **૧૫/૦૧/૨૦૨૧** |
| **કેસ ફેસલ તારીખ** | **૨૪/૦૭/૨૦૨૬** |
| **સમયગાળો** | **વર્ષ – માસ – દિવસ** |
| | **૦૫ – ૦૬ – ૦૯** |

*******************************************

**પાટણના એડી. ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ કોર્ટમાં, તા.જી.પાટણ.**

*******************************************

**ફોજદારી કેસ નં.૧૯૯/૨૦૨૧**

**આંક–૯૬**

**ફરીયાદી** – શ્રી સરકાર...

**–: વિ રૂ ધ્ધ :–**

**આરોપીઓ** –

(૧) ઠાકોર રમેશજી નાથુજી હજુરજી, ઉ.વ.૨૯,

(૨) ઠાકોર ભાવનાબેન વા/ઓ રમેશજી નાથુજી, ઉ.વ.૩૦,

(૩) વાઘરી સુરેશભાઇ પોપટભાઇ કાળાભાઇ, ઉ.વ.૩૨,
નં.૧ થી ૩ રહે.ખાનપુરડા સીમ, તા.જી.પાટણ.

(૪) ઠાકોર રમેશભાઇ બાબુજી પુનાજી, ઉ.વ.૩૫,
રહે.થરા રૂની રોડ બાલવી મતાજીના મંદિરની પાછળ ખેતરમાં, તા.કાંકરેજ, જી.બનાસકાંઠા.

**ગુનો:–** **ઈ.પી.કોડની કલમ–૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબ...**

**//ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજી//**

**//આરોપપક્ષ તરફે વિ.વ.શ્રી એમ.સી.પટેલ//**

**-: ઠ રા વ :-**

(૧) હાલના કામે ફરીયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓના ભાગિયા તથા આ કામના ફરીયાદીના ભાઇને રસ્તે આવવા જવા બાબતે બોલાચાલી થયેલ જેનું મનદુ:ખ રાખી આ કામના આ કામના આરોપીઓએ હાથમાં લાકડી, પાઇપ તેમજ હોકી જેવા હથિયારો લઇ ફરીયાદીને જેમ તેમ ગાળો બોલી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતાં આરોપીઓ ઉશ્કેરાઈ જઈ આરોપી નં.(૧) નાએ તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીયાદીના જમણા તથા ડાબા હાથ ઉપર બાવડાના ભાગે મારી તથા આરોપી નં.(૩) નાએ તેના હાથમાંની લાકડી ફરીયાદીને ડાબા પગ ઉપર મારી આરોપી નં.(૨) નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં.(૪) નાએ તેના હાથમાંની હોકી ફરીયાદીને બંને હાથના કોણીના ભાગે મારી ફરીયાદી, સાહેદને જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપીઓએ ગુન્હો કરવામાં અકેબીજાને મદદગારી કરી, મે.જીલ્લા મેજી. સાહેબશ્રી, પાટણ નાઓના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કરેલ છે. આ ગુના બાબતેની ફરીયાદીની ફરીયાદ હકીકતને આધારે પાટણ તાલુકા પો.સ્ટે. ફર્સ્ટ ગુના રજી. નં.૭૧/૨૦૧૯ થી ગુનો દાખલ કરી, તપાસ કરનાર અમલદારે આરોપીઓ વિરુધ્ધ ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના ગુનાનું ચાર્ઝશીટ કરી અત્રેની અદાલતમાં ગુનો કરેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થયા બાદ તે રજીસ્ટરે લઈ આરોપીઓને હાજર રહેવા સમન્સ કરવામાં આવતા તેઓ પોતાના વકીલશ્રી મારફતે હાજર થતા આરોપીઓને તેની વિરુધ્ધના પોલીસ તપાસના કાગળોની નકલો ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૦૭ મુજબ આપવામાં આવેલી. તે બાદ આરોપીઓ સામે તેની વિરુધ્ધના ગુના સબબ આંક-૦૪ થી તહોમતનામું ફરમાવી, આંક-૦૫ થી ૦૮ સુધીના આરોપીઓના જવાબ લેવામાં આવતા તેઓએ ગુનો કર્યાનો ઈન્કાર કરતા, ફરીયાદ પક્ષ તરફે પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

**–:: મૌખિક પુરાવો ::–**

| અનુ.નં. | મૌખિક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી સાજનજી દિનેશજી ઠાકોરની જુબાની | ૨૧ |
| ૨ | પંચ સાહેદ જવાનજી મણાજી ઠાકોરની જુબાની | ૨૬ |
| ૩ | સાહેદ ઠાકોર નિરવજી દિનેશજીની જુબાની | ૩૦ |
| ૪ | પંચ સાહેદ રમેશજી ભીખાજી ઠાકોરની જુબાની | ૫૮ |
| ૫ | પંચ સાહેદ વિજયજી રઘુજી ઠાકોરની જુબાની | ૬૦ |
| ૬ | સાહેદ જયોત્સનાબેન નિરવજી ઠાકોરની જુબાની | ૬૨ |
| ૭ | ડોકટર અંકિતાબેન ગણપતભાઇ પટેલની જુબાની | ૬૬ |
| ૮ | આઇ.ઓ. ધીરૂભાઇ જગમાલભાઇ રબારીની જુબાની | ૭૨ |

**–:: દસ્તાવેજી પુરાવો ::–**

| અનુ.નં. | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદ | ૨૨ |
| ૨ | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૨૭ |
| ૩ | મારક હથિયારનું પંચનામું | ૫૯ |
| ૪ | સારવાર સર્ટીફીકેટ | ૬૭ |
| ૫ | એકસ–રે | ૬૮ |
| ૬ | ટેલીફોન વર્ધી–૩ | ૭૩ થી૭૫ |
| ૭ | લેખિત રીપોર્ટ | ૭૬ |
| ૮ | તપાસ હુકમ | ૭૭ |
| ૯ | યાદી | ૭૮ |
| ૧૦ | રીપોર્ટની ઓફીસ કોપી | ૭૯ |
| ૧૧ | કલમ વધારાનો રીપોર્ટ | ૮૦ |
| ૧૨ | જાહેરનામું | ૮૧ |

(૪) આ કામે પુરાવો લીધા બાદ આરોપીઓનું ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે. તેમાં આરોપીઓએ ફરીયાદ પક્ષના કેસનો ઈન્કાર કરી જણાવેલ છે કે, "અમો આરોપીઓ અને ફરીયાદી સાથે રસ્તા બાબતે મનદુ:ખ હોઈ અમારી ઉપર દબાણ લાવવા સારું અમારી ઉપર ખોટો કેસ કરેલ છે" તેમજ બચાવ પક્ષે પોતાના કોઇ સાહેદો તપાસવા કે જાતે સાહેદ તરીકે પુરાવો આપવા માંગતા ન હોવાનું જણાવેલ છે.

(૫) ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી સી.એલ.દરજીએ પોતાની ઉંડાણપુર્વકની દલીલ કરેલ છે અને જણાવેલ છે કે, ફરીયાદી કે જેને આંક–૨૧ થી તપાસેલ છે તેઓએ પોતાની ફરીયાદ બાબતે સ્પષ્ટ જુબાનીમાં જણાવે છે તેમજ અન્ય સાહેદોએ પણ ફરીયાદીની ફરીયાદ મુજબ જ જણાવેલ છે અને ફરીયાદી તથા સાહેદોની જુબાની જોવામાં આવે તો તેને આરોપીપક્ષ પોતાની ઉલટતપાસ દ્વારા તોડી શકેલા નથી તેમજ બનાવવાળી જગ્યાના પંચનામા અને મારક હથિયારના પંચનામા બચાવપક્ષે પુરવાર કરેલ છે તેમજ પોલીસ સાહેદ/ત.ક.અધિકારીને તપાસેલા છે. તેઓએ પણ જે જુબાની આપી છે તે યોગ્ય તપાસ કરીને આપેલ છે. તેથી રેકર્ડ પરના તમામ પુરાવાઓને ધ્યાને લઈએ તો પણ ફરીયાદપક્ષ પોતાનો કેસ બિયોન્ડ રીઝનેબલ ડાઉટ સાબિત કરવામાં સંપુર્ણ સફળ ગયેલ છે. આથી આરોપીઓને કાયદામાં જણાવ્યા મુજબની વધુમાં વધુ સજા કરવા નમ્ર અરજ છે.

(૫.૧) ઉપરોકત દલીલને આધીન આરોપીઓના વિ.વ.શ્રીએ પોતાની મૌખિક દલીલોમાં મુખ્યત્વે જણાવે છે કે, હાલના કામમાં ખોટા આક્ષેપોવાળી ફરીયાદ આપવામાં આવેલ છે તેમજ પંચનામાઓના પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે તેમજ ડોકટર સમક્ષ હીસ્ટ્રીમાં આરોપીઓના નામ જણાવેલા નથી. આઇ.ઓ.એ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલા નથી. આમ, આખું રેકર્ડ તથા ફરીયાદી તેમજ સાહેદોની જુબાની ધ્યાને લઈએ તો અનેક જગ્યાએ શંકાઓ પ્રેરીત થાય છે અને પુરતા પુરાવા પણ રેકર્ડ પર આવેલા ન હોય, આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડવા અરજ છે.

(૬) આ કામે નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉદભવે છે.

**(૧)** શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓના ભાગિયા તથા આ કામના ફરીયાદીના ભાઇને રસ્તે આવવા જવા બાબતે બોલાચાલી થયેલ જેનું મનદુ:ખ રાખી આ કામના આ કામના આરોપીઓએ હાથમાં લાકડી, પાઇપ તેમજ હોકી જેવા હથિયારો લઇ ફરીયાદીને જેમ તેમ ગાળો બોલી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતાં આરોપીઓ ઉશ્કેરાઈ જઈ આરોપી નં.(૧) નાએ તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીયાદીના જમણા તથા ડાબા હાથ ઉપર બાવડાના ભાગે મારી તથા આરોપી નં.(૩) નાએ તેના હાથમાંની લાકડી ફરીયાદીને ડાબા પગ ઉપર મારી આરોપી નં.(૨) નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં.(૪) નાએ તેના હાથમાંની હોકી ફરીયાદીને બંને હાથના કોણીના ભાગે મારી ફરીયાદી, સાહેદને જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપીઓએ ગુન્હો કરવામાં અકેબીજાને મદદગારી કરી, મે.જીલ્લા મેજી. સાહેબશ્રી, પાટણ નાઓના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી, ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦૬(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો શિક્ષાને પાત્ર ગુનો કરેલ છે ?

**(૨)** શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે.

**(૧)** નકારમાં,

**(૨)** આખરી હુકમ મુજબ.

**<u>-: કા ર ણો :-</u>**

**<u>મુદ્દા નં.૦૧:-</u>**

(૮) આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ સાબિત કરવા માટે આંક-

૨૧ થી ફરીયાદી સાજનજી દિનેશજી ઠાકોરને તપાસેલ છે. જેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, નિરવ તેમનો મોટો ભાઈ થાય છે. આ કામના આરોપીઓ તેમના કાકા કાકી થતાં હોય તેઓ ઓળખે છે. આ બનાવ ૨૦૧૯ ની સાલમાં તેમના મોટા બાપાના ખેતરમાં રાત્રીના નવેક વાગ્યે બનેલો. બનાવ વખતે તેઓ તેમના ઘરે હાજર હતા ત્યારે તેમના ઉપર રમેશજી નાથુજીનો ફોન આવેલ અને તેમને કહલ કે, તારો ભાઈ નિરવ કયાં છે ? મારે તેને મારવો છે. જેથી તેમણે કહેલ કે, કઈ બાબતનો ઝગડો છે તેથી તેઓએ કહેલ કે, રસ્તા બાબતનો ઝગડો છે જેથી બેસીને સમાધાન કરવા તેમણે કહેલું. ત્યારપછી આ કામના આરોપીઓ રમેશજી નાથુજીના હાથમાં લોખંડની પાઇપ હતી અને તેમના સાળાના હાથમાં હોકી હતી અને સુરેશ પટણીના હાથમાં લાકડી હતી અને તેઓએ આવીને કહેલ કે, તારો ભાઈ કયાં છે મારે તેને મારવો છે. જેથી તેઓએ ગાળો બોલવાનું શરૂ કરેલ અને તેઓને ફરીયાદીએ શાંત રહેવાનું કહેલ. જેથી ફરીયાદી તેમના મોટા બાપાના ખેતર તરફ દોડીને ગયેલા અને ભાવનાબેને તેમને પકડી પાડેલા. જેથી રમેશજીએ તેના હાથમાંની પાઇપ તેમના બંન્ને હાથમાં મારેલી. જેથી તેમને ડાબા હાથમાં ફ્રેકચર થયેલું. રમેશ નાથુજીના સાળાએ તેમને હોકી વડે માર મારેલો અને સુરેશ પટણીએ તેમને ડાભા પગની પીંડલી ઉપર લાકડી મારેલી. ભાવનાબેને તેમને પકડી રાખેલા. જેથી તેમણે બૂમાબૂમ કરતાં નજીકમાંથી તેમનો ભાઈ નિરવ અને તેમની માતા તારાબેન આવી ગયેલા અને તેઓએ ફરીયાદીને વધુ મારમાંથી છોડાવેલા અને આરોપીઓએ તેમને જતા જતા જાનથી મારી નાંખવાની ધમકીઓ આપેલી. ત્યારબાદ ફોન કરતાં ૧૦૮ આવી ગયેલી અને તેમને સારવાર માટે ધારપુર લઈ ગયેલા અને ત્યાં તેઓ સારવાર હેઠળ પાંચ દિવસ રહેલા અને તેમને ડાબા હાથે ફ્રેકચર હતું. બનાવની ફરીયાદ તેમણે પોલીસમાં આપેલી. જે આંક–૨૨ થી રજુ કરેલ છે. તેઓ આરોપીઓને ઓળખે છે. જેઓ હાલ નામદાર કોર્ટમાં હાજર છે. રમેશજીના સાળા ગેરહાજર છે. જેઓને જોયેથી તેઓ ઓળખી શકે છે. ઓળખ અંગે તકરાર નથી.

સદર ફરીયાદીની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, આરોપીઓ અને તેઓ એક જ કુટુંબના સભ્યો છે. તેઓના ખેતર અને રહેણાંકના મકાનો નજીક

નજીક આવેલા છે. આરોપીઓ અને તેમના ભાઈ નિરવ વચ્ચે રસ્તા બાબતે બોલાચાલી થયેલી તેની વાતોવાતથી ખબર પડેલી. રસ્તા બાબતની માથાકૂટ હતી તે તેમના ભાગીયા બાબતની હતી, રમેશજી અને એ લોકો સાથે કોઈ માથાકૂટ ન હતી. સદર બનાવ બાપુજીના ખેતરમાં બનેલો અને ત્યાં ઘઉંનું વાવેતર કરેલ હતું અને પીયત હતું. પીયત કરેલા ખેતરમાં કોઇપણ માણસ ચાલે તો કપડાંએ માટી લાગે. તેમના બુટ ચંપલ અને કપડાં માટીવાળા થયેલા. આવા કપડા કે બુટ ચંપલ તેઓએ પોલીને આપેલ નથી. આ બનાવ નવેક વાગ્યાના અરસામાં બનેલો. બનાવનું સ્થળ અને તેઓનું રહેણાંક મકાન સો થી દોઢસો મીટર દુર આવેલા છે. અંધારાના કારણે માણસને ઓળખી ના શકાય. બનાવ વખતે કઇ વ્યક્તિના હાથમાં શું હથિયાર હતા તે તેમણે જોયેલ નહીં. બનાવના સ્થળેથી તેઓના ઘરે પહોંચતા પાંચ થી સાત મિનીટ જેટલો સમય થાય. બનાવ તેઓ ખેતરે ગયા અને તરત જ બનેલો અને પછી તેમણે બુમાબુમ કરેલી. તેમણે બુમાબુમ કરી ત્યારપછી તેમનો ભાઇ નિરવ આવેલો. વધુમાં ફરીયાદીએ એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, ધારપુર હોસ્પિટલે તેમનો ભાઈ તેઓ અને મારી માતા બધા સાથે ગયેલા અને તે વખતે તેઓ અર્ધબેભાન અવસ્થામાં હતા. બનાવવાળા રસ્તેથી આજદીન સુધી તેઓ તથા આરોપીઓ આવજાવ કરે છે.

(૯) આ કામે ફરીયાદ પક્ષે આંક–૩૦ થી સાહેદ ઠાકોર નિરવજી દિનેશજીને તપાસેલ છે. પરંતુ સદર સાહેદે ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે.

(૧૦) આ કામે ફરીયાદ પક્ષે આંક–૬૨ થી સાહેદ જયોત્સનાબેન નિરવજી ઠાકોરને તપાસેલ છે. જેમણે પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, આ કામના તમામ આરોપીઓ તેઓના કુટુંબી સગાઓ થતા હોય તેઓને સાહેદ ઓળખે છે. તેઓ આજરોજ નામ. કોર્ટમાં હાજર નથી. આ કામના ફરીયાદી સાજણજી દિનેશજી તેમના દિયર થાય છે. બનાવ આશરે પાંચેક વર્ષ પહેલા બનેલો. બનાવની ચોકકસ તારીખ હાલ તેમને યાદ નથી. બનાવ સમયે તેઓ ખાનપુરડા મુકામે આવેલ તેમના ઘરે હાજર હતી. આશરે

રાત્રે સાડા નવ વાગ્યાના અરસામાં ઘણા બધા લોકો બત્તીઓ લઇને આવેલ હોય તેના દ્બારા તેઓને વાતોવાતથી બનાવ બન્યા અંગેની જાણ થયેલી. બનાવ તેમના જેઠ સંજયથી બાબુજીના ઘઉંના વાવેતરવાળા ખેતરમાં બનેલો. બનાવ સમયે આ કામના આરોપીઓ અચુકાના તેમના દિયર સાજણજીને મારવા આવેલા અને તેમના જેઠ સંજયથી બાબુજીના ઘઉં વાળા ખેતરમાં તેઓને ધોકા, લાકડીઓ જેવા હથિયારથી માર મારેલો. તેમના દિયર તથા આરોપીઓને અગાઉ કોઇક બાબતનો ઝઘડો થયેલો હતો. તેની અદાવત રાખી આ બનાવ બનેલો. અગાઉનો ઝઘડો કઇ બાબતે થયેલ તેની તેમને ખબર નથી. તેમને આ ઝઘડાની જાણ થયેલી પરંતુ તેઓ પ્રેગનન્ટ હોય માટે બનાવ સ્થળે ગયેલ નહીં. તેમના દિયરને ખભાના ભાગે તેમજ આખા શરીરના ભાગે આ લોકોએ માર મારેલો. તેમના દિયરને ૧૦૮ એમ્બ્યુલન્સમાં ધારપુર હોસ્પિટલમાં સારવાર સારૂ લઇ ગયેલા. પોલીસે તેમની પુછપરછ કરેલી.

સદર સાહેદની બચાવપક્ષે કરવામાં આવેલ ઉલટતપાસ વંચાણે લેતાં સાહેદે હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવના સ્થળથી તેમનું ઘર થોડેક જ દુર છે. જયાં બનાવ બનેલ તે ખેતરમાં ઘઉંનું વાવેતર કરેલ હતું. હાલનો બનાવ રાત્રીના સાડા નવ વાગ્યાના સમયે બનેલ હતો અને તે સમયે અંધારૂ હતું. બનાવ સમયે પાંચ થી દસ ફુટ દુર કોઈ ઈસમ સામે ઉભો હોય તો પણ અંધારાના કારણે ઓળખી શકાય નહી. આ કામના આરોપીઓ અને તેઓ એક જ કુટુંબના સભ્યો છે. તેઓની તથા આ કામના આરોપીઓની જમીનો પાસે–પાસે આવેલી છે. આ કામના આરોપીઓને તેઓના ખેતરમાં જવાનો રસ્તો તેમના દિયરના ખેતરમાંથી છે.

**<u>//પુરાવાનું મુલ્યાંકન//</u>**

(૧૧) આમ, સદર કામે ફરીયાદીની ફરીયાદ જોવામાં આવે તો, ફરીયાદીને આરોપી નં.(૧) નાએ તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીયાદીના જમણા તથા ડાબા હાથ ઉપર બાવડાના ભાગે મારી તથા આરોપી નં.(૩) નાએ તેના હાથમાંની લાકડી ફરીયાદીને ડાબા પગ ઉપર મારી આરોપી નં.(૨) નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં.(૪) નાએ તેના હાથમાંની હોકી ફરીયાદીને બંને હાથના કોણીના ભાગે મારેલ હોવાનો

આરોપીઓ વિરુધ્ધ આક્ષેપ છે. જે સંદર્ભે ફરીયાદીની જુબાની જોવામાં આવે તો, ત્યારપછી આ કામના આરોપી નં.(૧) રમેશજી નાથુજીના હાથમાં લોખંડની પાઇપ હતી અને તેમના સાળાના હાથમાં હોકી હતી અને સુરેશ પટણીના હાથમાં લાકડી હોવાનો પુરાવો આપેલ છે. જે ફરીયાદીની ફરીયાદ હકીકત સાથે સુસંગત પુરાવો આપેલ છે. વધુમાં ફરીયાદીને થયેલ ઈજા અંગે જોવામાં આવે તો, "આરોપી નં.(૧) નાએ તેના હાથમાંની પાઇપ ફરીયાદીના બંન્ને હાથમાં મારેલી. જેથી તેમને ડાબા હાથમાં ફ્રેકચર થયેલું. આરોપી નં.(૪) નાએ ફરીયાદીને હોકી વડે માર મારેલો અને આરોપી નં.(૩) નાએ ફરીયાદીને ડાભા પગની પીંડલી ઉપર લાકડી મારેલી. ભાવનાબેને તેમને પકડી રાખેલા". આમ, આ કામના આરોપીઓએ ફરીયાદીને કરેલ ઈજા અંગે પણ ફરીયાદીએ સરતપાસમાં ફરીયાદ મુજબનો જ સુસંગત પુરાવો આપેલ છે. વધુમાં ફરીયાદીની ઉલટતપાસમાં પક્ષકારો કુટુંબી હોવાનું અને રસ્તા બાબતની અદાવત અગાઉથી ચાલતી હોવાનું બહાર આવેલ છે. વધુમાં બનાવ વખતે અંધારું હોવાનું અને કયા વ્યક્તિના હાથમાં શું હથિયાર હતા તે જોયેલ ન હોવાનું જણાવે છે. વધુમાં હાલમાં પણ ફરીયાદી ત્યાં જ રહે છે અને બનાવવાળા રસ્તેથી જ આવજાવ કરતા હોવાનો પુરાવો આપેલ છે. આમ, ફરીયાદીની ઉલટતપાસમાં માત્ર આરોપીઓના હાથમાં રહેલ હથિયાર જોયેલ ન હોવાનો પુરતો વિરોધાભાસ રેકર્ડ પર આવે છે. વધુમાં ફરીયાદીને વધુ મારમાંથી છોડાવવા ઠાકોર નિરવજી વચ્ચે પડેલ હોવાનો પુરાવો આપેલ છે. પરંતુ નિરવજીની આંક-૩૦ વાળો મૌખિક પુરાવો જોવામાં આવે તો, તેઓએ ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઈ હોસ્ટાઇલ જાહેર થયેલ છે. વધુમાં હાલના કામે ફરીયાદીને વધુ મારમાંથી તેમની માતાએ છોડાવેલ હોવાનો પુરાવો આપેલ છે. પરંતુ હાલના કામે ફરીયાદીની માતાનો મૌખિક પુરાવો રેકર્ડ કરવામાં આવેલ નથી. વધુમાં જયોત્સનાબેનનો મૌખિક પુરાવો રેકર્ડ કરવામાં આવેલ છે. તેઓએ તેમના દિયર સાજણજીને આ કામના આરોપીઓ મારવા આવેલા તેવો પુરાવો આપેલ છે તેમજ અગાઉ કોઇ બાબતનો ઝઘડો થયેલ હોય અદાવત રાખી તેઓના જેઠને ખભાના ભાગે તેમજ આખા શરીરે માર મારેલાનું જણાવેલ છે તેમજ સાહેદ પ્રેગનેન્ટ હોય બનાવ સ્થળે ગયેલ ન હોવાનો પુરાવો આપેલ છે. આમ, સદર સાહેદે બનાવ

નજરે જોયેલ હોય તેઓની જુબાની ઉપર આધાર રાખી શકાય નહીં. વધુમાં હાલના કામે ફરીયાદીએ પોતાના મૌખિક પુરાવામાં ફરીયાદ હકીકત મુજબની જ હકીકત જણાવેલ છે. પરંતુ બનાવ નજરે જોનાર સાહેદ નિરવજી હોસ્ટાઇલ જાહેર થયેલ છે અને ફરીયાદીના માતાના મૌખિક પુરાવાનો હાથ ઉપરના કેસમાં અભાવ છે. વધુમાં રસ્તા બાબતે અગાઉથી અદાવત ચાલતી હોવાનું પણ રેકર્ડ ઉપર આવેલ છે. જેથી ફરીયાદ પક્ષે રજુ થયેલ સાજણજી, નિરવજી અને જયોત્સનાબેનના મૌખિક પુરાવા અને ફરીયાદ હકીકત વચ્ચે વિરોધાભાસ જણાય આવે છે.

(૧૨) વધુમાં ફરીયાદીની સારવાર કરવા ડોકટર અંકિતાબેનનો આંક-૬૬ નો મૌખિક પુરાવો જોવામાં આવે તો, ફરીયાદીએ તેમના સમક્ષ હીસ્ટ્રીમાં "મને રમેશજી નાથુજી નાઓએ દારૂ પીવરાવી અને તેના દોસ્તારોને મને મારવા લાવેલ, મને રમેશજી નાથુજી અને ભાવનાબેન રમેશજી અને રમેશજીના સાળાએ ૨૫ જણાંને બોલાવેલ. જેમણે મને આજે હોકી, તલવાર ધોકાથી કલાક પહેલા મારેલ છે". આમ, સદર ફરીયાદીની હીસ્ટ્રીમાં જોતાં તેમાં જણાવેલ હથિયારો પૈકી માત્ર હોકી વડે તેમને ઈજા થયેલ હોવાનું જણાય છે. જેથી સદર ફરીયાદીએ અન્ય હથિયારો અંગે અતિશયોક્તિભર્યો પુરાવો આપેલ હોવાનું જણાય છે. વધુમાં ડોકટરને પુછવામાં આવેલ સવાલના જવાબમાં ફરીયાદી દારુના નશામાં હોવાનું બહાર આવેલ છે. આમ, ફરીયાદીને દારુના નશામાં પડી જવાથી હાલની ઈજા થયેલ હોય તે સંભાવનાને નકારી શકાય નહીં.

(૧૩) વધુમાં હાલના કામે આંક-૨૭ થી ગુન્હાવાળી જગ્યાનું તથા આંક-૫૯ થી મારક હથિયારનું પંચનામું રજુ થયેલ છે. સદર બંને પંચનામાના પંચ સાહેદોને તપાસેલ છે. પરંતુ તેઓએ પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ ન હોઇ, તેઓને હોસ્ટાઇલ જાહેર કરવામાં આવેલ છે. જેથી સદર પંચનામાની હકીકત પુરવાર કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડેલ છે.

(૧૪) વધુમાં સદર કામે આઈ.ઓ. ધીરૂભાઇ જગમાલભાઈ રબારીને આંક–૭૨ થી તપાસેલ છે. સદર પોલીસ સાહેદને મેકીકોલીગલ યાદીના આધારે ટેલીફોન વર્ધી મળતાં હોસ્પિટલ ગયેલા અને ફરીયાદના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લઇ ગુનો રજી. કરવા માટેનો રીપોર્ટ કરેલો તેમજ તેઓને તપાસ મળતાં તપાસ સંભાળી લઇ નિવેદનો તેમજ પંચનામા કરી આરોપીઓ વિરુધ્ધ પુરતો પુરાવો મળી આવતો હોય, ચાર્જશીટ કરેલાનું જણાવેલ છે અને ઉલટતપાસમાં પક્ષકારો એક જ કુટુંબના હોવાનું અને રસ્તાની તકરાર હોવાનું અને હાલના કામે કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ ન હોવાનું જણાવેલ છે તેમજ અન્ય પુછવામાં આવેલ સુચક પ્રશ્નોના ઉત્તર આઈ.ઓ.એ આપેલ છે. આમ, સદર પોલીસ સાહેદે પણ સદર કેસની રૂટીન તપાસ કરેલ હોવાનું જણાય આવે છે અને કોઇ સ્વતંત્ર સાહેદોના નિવેદન લીધેલ ન હોવાનું સ્પષ્ટ જણાય છે.

(૧૫) સદર કામે ૩૧ મી જુલાઈ, ૧૯૯૬ સતીષ મહેરા વિરુધ્ધ એડમીનીસ્ટ્રેટીવ અને બીજાઓના ચુકાદામાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંત ધ્યાને લઈએ તો હાલના કામમાં ફરીયાદ પક્ષે જે પુરાવો બંધ કરવા જણાવેલ છે ત્યારે અને હાલના જેટલા પણ પુરાવાઓ રજુ થયેલ છે. તેનાથી ફરીયાદ પક્ષ પોતાનો કેસ સાબિત કરવામાં નિષ્ફળ નીવડે છે અને બાકી રહી જતા સાહેદોને તપાસીને પોતાનો કેસ મજબૂત કરવામાં ફરીયાદ પક્ષ નિષ્ફળ નીવડવાની શક્યતાઓ રહેલ છે. કારણ કે, હાલના કામના અગત્યના સાહેદ ફરીયાદી ખુદ ફરીયાદ પક્ષના કેસની વિગતોને એટલે કે, ફરીયાદીની તરફેણમાં કોઈ જ પુરાવા આપતા નથી તો બાકી રહી જતાં સાહેદોને તપાસી કોર્ટનો અમુલ્ય સમય બગડતો અટકાવવા માટે સદર કેસમાં જણાવેલ સિધ્ધાંત લક્ષમાં લઈ અન્ય સાહેદોને તપાસેલા નથી જે ન્યાયોચિત જણાય છે.

(૧૬) આમ, આ તબકકે નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો ધ્યાને લઈએ તો,

(1) **AIR 1977 SC 170 -**

**RABINDRA KUMAR DEY V/S STATS OF ORRISA**

1) That the onus lies affirmatively on the prosecution to prove its case beyond reasonable doubt and it cannot derive any benefit from weakness or falsity of the defence version while proving its case;

2) That in a criminal trial the accused must be presumed to be innocent unless he is proved to be guilty; and

3) That the onus of the prosecution never shifts.

(૧૭) આમ, ફરીયાદી પોતાની મૌખિક જુબાનીમાં ફરીયાદ હકીકત મુજબનો જ પુરાવો આપેલ છે. પરંતુ સદર સાહેદના પુરાવાને બનાવ નજરે જોનાર સાહેદ નિરવજીનું સમર્થન મળેલ નથી તેમજ ફરીયાદીના માતાના મૌખિક પુરાવાનો હાથ ઉપરના કેસમાં અભાવ છે તેમજ સાહેદ જયોત્સનાબેને બનાવ નજરે જોયેલ ન હોવાનું જણાવે છે. વધુમાં હાલના કામે ફરીયાદીની સારવાર કરનાર ડોકટર અંકિતાબેન સમક્ષની હીસ્ટ્રીમાં જે હથિયારો આરોપીઓએ ધારણ કરેલ હતા તે અંગે અતિશયોક્તિભર્યો પુરાવો આપેલ છે તેમજ ફરીયાદી સારવાર દરમ્યાન નશામાં હોવાનું ડોકટરે ઉલટતપાસમાં પુછેલ સવાલના જવાબમાં જણાવેલ છે. વધુમાં મારક હથિયાર તેમજ બનાવવાળી જગ્યાના પંચનામાના પંચ સાહેદો હોસ્ટાઇલ જાહેર થયેલ છે. જયારે આઇ.ઓ.એ હાલના કામે કોઈ તટસ્થ સાહેદોના નિવેદનો લીધેલ નથી તેમજ પક્ષકારો એક જ ગામ, કુટુંબ અને જ્ઞાતિના હોવાનું અને રસ્તા બાબતે અગાઉ પણ ઝઘડા થયેલ હોવાનું જણાવેલ છે. જેથી આઇ.ઓ.એ માત્ર રૂટીન તપાસ કરેલાનું જણાય છે. વધુમાં હાલની આ ફરીયાદ રસ્તા બાબતે થયેલ અગાઉ માથાકુટની અદાવત રાખીને આપેલ હોવાની શકયતાને નકારી શકાય નહીં. વધુમાં ગાળો બોલ્યા અને ધમકી આપ્યા અંગેનો ફરીયાદીનો આક્ષેપ છે પરંતુ તે સંદર્ભે કોઈ નકકર પુરાવો ફરીયાદી પક્ષ રેકર્ડ ઉપર લાવેલ નથી તેમજ હાલમાં ફરીયાદી બનાવવાળી જગ્યાએથી જ આવ–જાવ કરતા હોવાનો પુરાવો આપેલ છે. આમ, આ કામના આરોપીઓના ભાગિયા તથા આ કામના ફરીયાદીના ભાઈને રસ્તે આવવા જવા બાબતે બોલાચાલી થયેલ જેનું

મનદુ:ખ રાખી આ કામના આ કામના આરોપીઓએ હાથમાં લાકડી, પાઇપ તેમજ હોકી જેવા હથિયારો લઇ ફરીયાદીને જેમ તેમ ગાળો બોલી ફરીયાદીએ ગાળો બોલવાની ના પાડતાં આરોપીઓ ઉશ્કેરાઈ જઈ આરોપી નં.(૧) નાએ તેના હાથમાંની લોખંડની પાઇપ ફરીયાદીના જમણા તથા ડાબા હાથ ઉપર બાવડાના ભાગે મારી તથા આરોપી નં.(૩) નાએ તેના હાથમાંની લાકડી ફરીયાદીને ડાબા પગ ઉપર મારી આરોપી નં.(૨) નાએ ફરીયાદીને પકડી રાખી આરોપી નં.(૪) નાએ તેના હાથમાંની હોકી ફરીયાદીને બંને હાથના કોણીના ભાગે મારી ફરીયાદી, સાહેદને જાનથી મારી નાંખવાની ધમકી આપી આરોપીઓએ ગુન્હો કરવામાં અકેબીજાને મદદગારી કરી, મે.જીલ્લા મેજી. સાહેબશ્રી, પાટણ નાઓના હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરેલ હોવા બાબતે અનેક કોન્ટ્રાડીકશનો રેકર્ડ પર આવે છે અને તે બાબતે શંકા પણ ઉપજાવે છે. જયારે ફરીયાદ પક્ષના કેસ સામે મહત્વની શંકા ઉભી થાય ત્યારે આવી શંકાનો લાભ આરોપીને મળે તેમ હોઈ, આરોપીઓને શંકાનો લાભ આપવો ઉચિત જાણાય છે. આમ ઉપરોકત ચુકાદો ચીવટપુર્વક વંચાણમાં લેતાં ક્રિમીનલ જયુરીશપ્રુડન્સના ખૂબ જ મહત્વના સિધ્ધાંતો પણ ધ્યાને લેવામાં આવે તો ફરીયાદ પક્ષે પોતાનો કેસ શંકાથી પર સાબિત કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ નિવડેલ છે. આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરીયાદ પક્ષ પોતાનો કેસ નિ:શંકપણે સાબિત કરવામાં નિષ્ફળ ગયેલ હોઈ, મુદ્દા નં.(૧) નો જવાબ હું નકારમાં આપી, મુદ્દા નં.(૨) અંગે ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>-: હુકમ :-</u>**

૧. આ કામના આરોપી નં.(૧) ઠાકોર રમેશજી નાથુજી હજુરજી, આરોપી નં.(૨) ઠાકોર ભાવનાબેન વા/ઓ રમેશજી નાથુજી, આરોપી નં.(૩) વાઘરી સુરેશભાઇ પોપટભાઇ કાળાભાઇ તથા આરોપી નં.(૪) ઠાકોર રમેશભાઇ બાબુજી પુનાજી નાઓને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૮(૧) મુજબ ઈ.પી.કોડની કલમ-૩૨૩, ૩૨૪, ૩૨૫, ૫૦(૨), ૨૯૪(ખ), ૧૧૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. ક્રિમીનલ પ્રોસીઝર કોડ ૧૯૭૩ ની કલમ-૪૩૭(ક) મુજબ દરેક આરોપીએ દરેકે રૂા.૫,૦૦૦/- ના જામીન તથા જાત મુચરકા રજુ કરવા.

આ હુકમ આજરોજ તા.૨૪ મી, માહે-જુલાઇ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:- પાટણ.

તા.૨૪/૦૭/૨૦૨૬

(ધીરેન મનહરલાલ ચૌહાણ)
એડી.ચીફ જયુડી. મેજિ.,પાટણ.
જજ કોડ નં. જીજે૦૧૦૦૬

mvs